**પોલીસ મહાનિરીક્ષકની કચેરી**
**વડોદરા વિભાગ, વડોદરા.**
કોઠી બિલ્ડીંગ, રાવપુરા, વડોદરા
ફેકસ નં. ૦૨૬૫-૨૪૨૬૭૩૭, ટે.નં. ૨૪૩૨૪૦૦/૨૪૧૩૩૫૫/૨૪૧૮૨૪૫
**E-Mail ID : splig-vad@gujarat.gov.in**

ક્રમાંકઃ એ/વા.વ.અ./વ.વિ./૪૩૯/૨૩
તા.૩૦/૦૬/૨૦૨૩

**વિષયઃ** સરકારી કચેરીઓની કામગીરીનો વાર્ષિક વહીવટી અહેવાલ મોકલવા બાબત.

**સંદર્ભ:** પોલીસ મહાનિદેશક અને મુ.પો. અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર નાઓના પત્ર ક્રમાંક: સકલ/સરકારી કચેરીઓ/વા.વ.અહેવાલ/૬૪૯/૨૦૨૨, તા.૦૨/૧૧/૨૦૨૨

ઉપરોકત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, સંદર્ભ દર્શિત તા.૦૨/૧૧/૨૨ના પત્રથી સરકારી કચેરીઓની કામગીરીનો વાર્ષિક વહીવટી અહેવાલ તૈયાર કરી ઓન લાઇન પ્રસિદ્ધ કરવા જણાવેલ હોઇ, વડોદરા વિભાગ કચેરીનો વાર્ષિક વહીવટી અહેવાલની નિયત "એનેક્ષર-અ" મૂજબ તૈયાર કરી આ સાથે સામેલ રાખી (સોફ્ટ કોપી સહિત) મોકલી આપેલ છે, જે આપશ્રીની વેબસાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

(બી.કે. વસાવા)
ઇન્ચાર્જ કચેરી અધિક્ષક,
પોલીસ મહાનિરીક્ષકની કચેરી,
વડોદરા વિભાગ, વડોદરા.

પ્રતિ,
પોલીસ અધિક્ષકશ્રી,
વડોદરા ગ્રામ્ય,
વડોદરા.

# નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ અંતિત વાર્ષિક વહીવટી અહેવાલ

| | | |
|---|---|---|
| (૧) | **કચેરીનું વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજોનું સંક્ષિપ્તમાં વર્ણન:-** | પોલીસ મહાનિરીક્ષક, વડોદરા વિભાગ, વડોદરા કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, ભરૂચ, નર્મદા તથા છોટાઉદેપુર જિલ્લા કચેરીઓ આવેલ છે. આ કચેરીઓએ રોજિંદી વહીવટી કામગીરી/ ક્રાઇમને લગતી કામગીરી પોલીસ મહાનિરીક્ષકશ્રીના સીધા સુપરવિઝન, નિયંત્રણ અને દેખરેખ હેઠળ ફરજો બજાવવાની હોય છે.<br>**પોલીસ મહાનિરીક્ષકશ્રીની ફરજો:-**<br>તાબાના જિલ્લાના પોલીસ દળનું નિરીક્ષણ અને માર્ગદર્શન આપવા અંગેની ફરજો અદા કરવાની હોય છે. ગુનાઓ શોધી કાઢવા/અટકાવવા, તાબાના અધિકારીઓની ફરજો અને સત્તાઓ નિશ્ચિત કરવા અને સમગ્ર દળની નીતિ ઘડવી અને સરકારશ્રીને સલાહ-સુચન કરવા અને અમલ માટે સર્વ આવશ્યક પગલાઓ લેવા વિગેરે ફરજો બજાવવાની હોય છે. |
| (૨) | **કચેરી દ્વારા સંચાલિત તમામ યોજનાઓ:-** | પોલીસ મહાનિરીક્ષક, વડોદરા વિભાગ, વડોદરા કચેરી તથા પોલીસ અધિક્ષક, વડોદરા ગ્રામ્ય કચેરી એક જ ઇમારતમાં આવેલ છે. જેથી વડોદરા વિભાગ કચેરીની સંચાલીત તમામ યોજનાઓ વડોદરા ગ્રામ્ય કચેરી દ્વારા કરવામાં આવતી હોય છે. |
| ૧. | યોજનાની બજેટ જોગવાઇ: | - |
| ૨. | યોજના માટે થયેલ કુલ ખર્ચ: | - |
| ૩. | યોજના માટે નિયત થયેલ ભૌતિક નાણાંકીય લક્ષ્યાંકો: | - |
| ૪. | યોજના અન્વયે ખરેખર પ્રાપ્ય થયેલ ભૌતિક નાણાંકીય લક્ષ્યાંકો: | - |
| ૫. | પૂર્ણ થયેલ નાણાકીય વર્ષ અને તે અગાઉના નાણાંકીય વર્ષની યોજનાવાર ભૌતિક/ નાણાંકીય લક્ષ્યાંકો સંદર્ભે સરખામણી: | - |
| (૩) | **કચેરી દ્વારા કોઇ વિશેષ પ્રોજેક્ટ, યોજનાઓ અમલમાં મૂકી હોય તો તે અંગેની વિગતો:** | વડોદરા વિભાગ કચેરી દ્વારા કોઇ વિશિષ્ટ પ્રોજેક્ટ, યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ નથી. |